Plot----Bunglow-----Flat
THE PROPZONEGANDHINAGAR
Buy-----sell-----Rent
A property consultant in Gandhinagar
Office : A/224, Swagatrainforest~2
Kuda san.Gandhinagar
Mobile : 9033810109

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-21 ■ અંક-44 ■ તા. 29-10-2017 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### રાજકોટમાં કેન્દ્ર-ગુજરાત સરકાર ઉપર ચિદમ્બરમના આકરા પ્રહાર

# દેશને બુલેટ ટ્રેનના બદલે મૂળભૂત સુવિધાઓની જરૂર : ચિદમ્બરમ

### નોટબંધી કરવાનું મને કહ્યું હોત અને હું નાણાંપ્રધાન હોત તો અમલ કરવાને બદલે રાજીનામું આપ્યું હોત : તાજ અંગે અપમાનજનક ટિપ્પણી મુદ્દે પ્રહાર

અમદાવાદ,

કોંગ્રેસના દિગ્ગજ રાષ્ટ્રીય નેતા, પૂર્વ કેન્દ્રીય નાણામંત્રી અને કુશળ આર્થિક વિશ્લેષક પી.ચિદમ્બરમ્ આજે ગુજરાતમાં રાજકોટની મુલાકાતે આવ્યા હતા. ચિદમ્બરમે રાજકોટમાં કાર્યક્રમ દરમિયાન જુદા જુદા વિષયો ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી અને કેન્દ્ર સરકાર અને ભાજપ સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. ચિદમ્બરમે બુલેટ ટ્રેન, નોટબંધી, અહેમદ પટેલ પર કરાયેલા આક્ષેપોના સંદર્ભમાં હરીફ પક્ષોને જવાબો આપ્યા હતા. સ્થાનિક વેપારીઓ, ઉદ્યોગકારો સહિતના લોકો સાથેના ખાસ સંવાદ કાર્યક્રમ દરમ્યાન પી.ચિદમ્બરમે મોદી સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતુ કે, આજે દેશને બુલેટ ટ્રેનની જરૂર નથી પરંતુ લોકો જે પ્રાથમિક-બુનિયાદી સુવિધાથી વંચિત છે, તેઓને તે બુનિયાદી સુવિધા પહેલી પૂરી પાડો, પછી બધી વાતો કરો. નોટબંધીના મુદ્દે તેમણે મોદી સરકારને ચાબખો મારતાં જણાવ્યું કે, જો હું નાણાંપ્રધાન હોત અને મારા પ્રધાનમંત્રીએ મને નોટબંધી કરવાનું કહ્યું હોત તો હું રાજીનામું આપી દેત પરંતુ દેશહિતમાં આવો અત્યાચારી નિર્ણય લાગુ ના કરત. ચિદમ્બર તેમની વાતચીત દરમ્યાન મીડિયા સાથે મહ્દઅંશે અંગ્રેજીમાં વાત કરી હતી, થોડું હિન્દીમાં પણ બોલ્યા હતા પરંતુ એક તબક્કે ચિદમ્બરમે ગુજરાતી ભાષામાં વિકાસ ગાંડો થયો છે બોલી ભાજપ પર કટાક્ષ કરી સૌને આશ્ચર્યમાં નાંખી દીધા હતા. ભરૂચની હોસ્પિટલના પૂર્વ કર્મચારીની આંતકવાદી તરીકે ધરપકડ થઇ હોવાના મામલામાં ભાજપ દ્વારા કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા એહમદ પટેલ પર કરાયેલા આક્ષેપો સંદર્ભે ચિદમ્બરમે એહમદ પટેલનો બચાવ કરતાં જણાવ્યું હતું કે, એહમદ પટેલે ૨૦૧૫માં જ આ હોસ્પિટલના ટ્રસ્ટી તરીકે રાજીનામું આપી દીધુ હતુ અને જે વ્યકિતની ધરપકડ કરાઇ છે, તે લેબ ટેકનીશીયન હતો. ટેકનીશીયનની કામગીરી માટે ભૂતકાળના ટ્રસ્ટીને જવાબદાર કેવી રીતે ઠરાવી શકાય. ભાજપ પાસે કોઇ મુદ્દા નથી અને તેથી પાયાવિહોણા આક્ષેપ કરી સત્તાલક્ષી રાજનીતિ કરી રહ્યું છે. જીએસટીના મુદ્દે પણ તેમણે મોદી સરકારને આડા હાથે લેતાં વધુમાં જણાવ્યું હતું કે, જીએસટી એ વિચાર સારો છે પરંતુ કાયદાકીય રીતે તેની અમલવારી ખરાબ રીતે થઇ રહી છે. જીએસટીનો દર પણ સામાન્ય અને દરેક વર્ગને પોષાય તે પ્રકારનો હોવો જોઈએ. ૨૮ ટકા જેટલો ઉંચો જીએસટી તો કોઈપણ રીતે વાજબી કે યોગ્ય નથી. વળી, આ પ્રકારે રાતોરાત અને એકાએક આટલો ઉંચો વેરો પ્રજા પર ઝીંકવામાં આવે તે પણ યોગ્ય નથી. મોદી સરકાર કહે છે, જીએસટીને લઇ ચિંતા જેવું કશું નથી પરંતુ બીજીબાજુ, ખુદ રિર્ઝવ બેંક કહી રહી છે કે, આ ચિંતાનો વિષય છે. આમ, આવા વિવાદોને લઇ સમસ્યાનું નિરાકરણ ના આવી શકે. પૂર્વ કેન્દ્રીયમંત્રીએ ફરી એકવાર જમ્મુ કાશ્મીરની સ્વાયત્તાની માંગને યોગ્ય ઠેરવી હતી. તેમણે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં ક્ષેત્રિય સ્વાયત્તા આપવાના સંદર્ભમાં વાતચીત થવી જોઇએ. સ્વાયત્તા આપવામાં આવ્યા બાદ પણ તે ભારતના હિસ્સા તરીકે જ રહેશે. ગુજરાતના રાજકોટમાં એક કાર્યક્રમમાં પહોંચેલા ચિદમ્બરમે મોદી સરકાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. તાજમહેલના વિવાદ ઉપર પણ ચિદમ્બરમે વાત કરી હતી અને કહ્યું હતું કે, તાજના સંદર્ભમાં જે લોકો પણ અપમાનજનક નિવેદન કરી રહ્યા છે તેમનો તાજમહેલના ઈતિહાસ અંગે માહિતી નથી. અથવા તો તેઓ ભારતની સંસ્કૃતિને લઇને વાકેફ નથી. અહેમદ પટેલ પર કરાયેલા આક્ષપો અંગે પણ ચિદમ્બરમે જવાબ આપ્યા હતા. ચિદમ્બરમે એમ પણ કહ્યું હતું કે, રાજયસભાના સાંસદ અને વરિષ્ઠ નેતા અહેમદ પટેલ ઉપર મુકવામાં આવેલા આક્ષેપ આધાર વગરના છે. જો કોઇ વ્યક્તિ હોસ્પિટલમાં કર્મચારી રહે છે અને ત્યારબાદ તેના આઈએસ સાથે સંબંધ થઇ જાય છે તો તેના માટે એ હોસ્પિટલમાં ત્રણ વર્ષ પહેલા ટ્રસ્ટી રહી ચુકેલા વ્યક્તિને જવાબદાર ઠેરવી શકાય નહીં. ગુજરાતના મુખ્યમંત્રી રૂપાણીએ ગઇકાલે અહેમદ પટેલ ઉપર ગંભીર આક્ષેપો કર્યા હતા.

### ત્રીજી સુધી વલણ સ્પષ્ટ નહીં કરે તો પ્રચારમાં ખલેલ પહોંચાડાશે

# પાટીદારો માટે ક્વોટા : કોંગ્રેસને હાર્દિકનું હવે છેલ્લું અલ્ટીમેટમ

### પાટીદારોને બંધારણીય અનામત કઈરીતે અપાશે તે અંગે ત્રીજી સુધી ખુલાસો કરવા હાર્દિકની સ્પષ્ટ સૂચના : પાટીદાર વધુ રાહ જોવા ઈચ્છુક નથી : રિપોર્ટ

અમદાવાદ,

ગુજરાતમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણી પહેલા રાજકીય ઘમસાણ વધુ તીવ્ર બની રહ્યું છે. કોંગ્રેસની સાથે જવાના સંકેત વચ્ચે હાર્દિક પટેલે હવે કોંગ્રેસ પાર્ટીને અલ્ટિમેટમ આપી દીધું છે. હાર્દિક પટેલે કોંગ્રેસને પટેલ અનામતના મુદ્દે પોતાનું વલણ ત્રીજી નવેમ્બર સુધી સ્પષ્ટ કરવા માટે સમય આપી દીધો છે. સાથે સાથે હાર્દિક પટેલે કોંગ્રેસને ચેતવણી આપતા કહ્યું છે કે, સુરતમાં જે રીતે અમિત શાહની હાલત થઇ હતી તેવી જ હાલત કોંગ્રેસની પણ થઇ શકે છે. ભાજપ અધ્યક્ષ અમિત શાહની સુરત રેલીમાં ભારે હોબાળો થયો હતો. કેટલાક લોકોએ ખુરશીઓ ઉછાળી હતી અને તોડફોડ કરી હતી. હાર્દિક પટેલે આજે ટ્વિટ કરીને કહ્યું હતું કે, ત્રીજી નવેમ્બર સુધી કોંગ્રેસ પાર્ટીને પાટીદારને બંધારણીયરીતે અનામત કઈ રીતે અપાશે તે અંગે વલણ સ્પષ્ટ કરવા કહી દેવામાં આવ્યું છે. જો કોંગ્રેસ પાર્ટી ત્રીજી નવેમ્બર સુધી વલણ સ્પષ્ટ નહીં કરે તો અમિત શાહ જેવી સ્થિતિ કોંગ્રેસની પણ સર્જાશે. સુરતમાં ભાજપ પ્રમુખની રેલીમાં કેટલાક સમર્થકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. પટેલ નેતાઓના સન્માનમાં આયોજિત કાર્યક્રમમાં કેટલાક લોકોએ તોડફોડ કરી હતી. હાર્દિક પટેલ જિંદાબાદના નારા લાગ્યા હતા. કાર્યક્રમ દરમિયાન જ્યારે અમિત શાહ સ્ટેજ ઉપર પહોંચ્યા ત્યારે હાર્દિક હાર્દિકના નારા લાગ્યા હતા. ત્યારબાદ પોલીસને બોલાવવાની ફરજ પડી હતી. હાર્દિક પટેલે કોંગ્રેસ પાર્ટીને અલ્ટીમેટમ આપ્યા બાદ કોંગ્રેસ ઉપર હવે દબાણ વધી ગયું છે. ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટીની પ્રચાર રેલીઓને ખોરવી નાંખવાની ધમકી પણ હાર્દિકે આપી છે. એક સપ્તાહની અંદર જ જો પાટીદારોને અનામતના મુદ્દે કોંગ્રેસ વલણ સ્પષ્ટ નહીં કરે તો ચૂંટણી પ્રચાર રેલીમાં ખલેલ પહોંચાડવામાં આવશે. પાટીદાર નેતાએ છેલ્લા થોડાક મહિનાઓમાં કેટલાક બનાવોનો ઉલ્લેખ પણ કર્યો હતો જેમાં પાસના કાર્યકરોએ ભાજપની જાહેર સભામાં ધાંધલ ધમાલ મચાવી હતી. સુરતમાં પાટીદાર સમુદાયના નેતાઓ સાથે બેઠક દરમિયાન પાટીદારોએ હોબાળો મચાવ્યો હતો. આ ઉપરાંત પાસના સમર્થકોએ શાહની ગુજરાત ગૌરવ યાત્રા દરમિયાન પણ ખલેલ પહોંચાડી હતી. હાર્દિકની માંગણી એવા સમય ઉપર આવી છે જ્યારે ગુજરાતમાં આગામી ચૂંટણીને લઈને કોંગ્રેસ પાર્ટી દ્વારા આક્રમક તૈયારી કરવામાં આવી રહી છે. હાર્દિકને પોતાની તરફેણમાં કરવાના તમામ પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. આક્રમક નેતાએ અગાઉ કોંગ્રેસના ગુજરાતના ચૂંટણી ઈન્ચાર્જ અશોક ગહેલોત સાથે બેઠક યોજી હતી અને સંભવિત જોડાણની શરતો અંગે વાત કરી હતી. કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી સાથે પણ હાર્દિકની બેઠકને લઈને અહેવાલ આવી ચુક્યા છે. જો કે, આને સમર્થન મળ્યું નથી. કોંગ્રેસના નેતાઓ સાથે વાતચીત દરમિયાન કોઇ નક્કર ખાતરી મળી ન હતી. અશોક ગેહલોત આ સંદર્ભમાં કહી ચુક્યા છે કે, તેઓ પાટીદારોને ક્વોટા કઇ રીતે અપાશે તે અંગે પાર્ટીના સ્પષ્ટીકરણ અંગે વાત કરશે. ઓબીસી કેટેગરી હેઠળ ક્વોટા આપવાને લઈને પણ હજુ કોઈ વાત થઇ નથી. પાસે પુનરોચ્ચાર કર્યો છે કે, તેમની મુખ્ય માંગ ઓબીસી કેટેગરી હેઠળ અનામત પાટીદારોને મળે તે રહી છે. બંધારણના ૯માં શેડ્યુઅલમાં તેમને સામેલ કરી અથવા તો ઓબીસી કેટેગરી હેઠળ પાટીદારોને અનામતની માંગ કરવામાં આવી છે. એક વખતે વલણ સ્પષ્ટ થઇ ગયા બાદ જ અમે કોંગ્રેસ પાર્ટીને ટેકાના સંદર્ભમાં નિર્ણય કરીશું. હાર્દિકનું કહેવું છે કે, કોંગ્રેસ પાર્ટી દ્વારા હજુ સુધી કોઇ સ્પષ્ટ વાત કરવામાં આવી નથી. ઈબીસી અથવા તો આર્થિકરીતે પછાત વર્ગ હેઠળ પાટીદારોને ક્વોટાની ઓફર કોંગ્રેસ કરશે તો તેમની પ્રતિક્રિયા શું રહેશે તે અંગે પૂછવામાં આવતા હાર્દિકે કહ્યું હતું કે, ઈબીસી કોઇ બંધારણીય કાયેદસરતા નથી. ભૂતકાળમાં કોર્ટ દ્વારા આ વ્યવસ્થાને ફગાવી દેવામાં આવી છે. કોંગ્રેસના ગુજરાત રાજ્ય એકમમાં વરિષ્ઠ નેતા સિદ્ધાર્થ પટેલે કહ્યું છે કે, પાર્ટીની લીગલ ટીમ વ્યૂહરચના ઉપર કામ કરી રહી છે જેના આધાર પર પાટીદારોને અનામત આપી શકાય છે. જૂન ૨૦૧૫માં ગુજરાત કોંગ્રેસે ઉચ્ચ જાતિમાં ગરીબો માટે ૨૦ ટકા ક્વોટાની વાત કરી હતી જ્યારે ભાજપે આર્થિકરીતે પછાત ઉચ્ચ જાતિ માટે ૧૦ ટકા ક્વોટાની જાહેરાત કરી હતી. ઓગસ્ટ મહિનામાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા આ વ્યવસ્થાને ફગાવી દેવામાં આવી હતી. જેમાં જણાવવામાં આવ્યું હતુ કે, ૧૦ ટકા ક્વોટા માટે ગુજરાત સરકારનું જાહેરનામું ગેરબંધારણીય છે.

### ભાજપ સાથે છેડો ફાડનાર પાટીદાર નેતાના આક્ષેપ

# વરૂણ હજુ પૈસા આપી પાટીદાર યુવાનોને લાલચ આપી રહ્યો છે

### અનામતના મુદ્દે કોંગ્રેસ તેનું વલણ સ્પષ્ટ કરે: રેશ્મા-વરૂણ રાજકીય મહ્ત્વકાંક્ષાને લઈ સમાજને વેચવા નીકળ્યા છે

અમદાવાદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે ભાજપ, કોંગ્રેસ અને પાટીદારો દ્વારા ઓડિયો કલીપથી માંડી આક્ષેપો-પ્રતિઆક્ષેપો અને કૌભાંડના પર્દાફાશની કૂટનીતિઓ ચાલી રહી છે ત્યારે ભાજપમાંથી તાજેતરમાં જ છેડો ફાડનાર યુવા પાટીદાર નેતા નિખિલ સવાણીએ આજે ફરી એકવાર રેશ્મા પટેલ અને વરૂણ પટેલ ગંભીર આક્ષેપો કર્યા હતા. નિખિલ સવાણીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, વરૂણ પટેલ હજુ પણ પૈસા આપીને પાટીદાર યુવાનોને લાલચ આપી રહ્યો છે. પાટીદારો સાથે દગો કરી રેશ્મા પટેલ અને વરૂણ પટેલ ભાજપમાં જોડાઇ જઇ પોતાની રાજકીય મહ્ત્વકાંક્ષા પૂર્ણ કરવા સમાજને વેચવા નીકળ્યા છે. સવાણીએ અનામતના મુદ્દે કોંગ્રેસ પક્ષને પણ તેનું વલણ સ્પષ્ટ કરવા તાકીદ કરી હતી. સવાણીએ જણાવ્યું કે, તા.૩જી નવેમ્બર પહેલાં કોંગ્રેસ તેનું વલણ સ્પષ્ટ કરશે તો, અમે સુરતમાં તેમનું સ્વાગત કરીશું. રાહુલ ગાંધી તા.૧લીએ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે અને હાર્દિક પટેલે પણ જયારે કોંગ્રેસને અનામત મુદ્દે કોંગ્રેસને તેનું સ્ટેન્ડ કલીઅર કરવા જણાવ્યું છે ત્યારે કોંગ્રેસે પોતાનું વલણ સ્પષ્ટ કરી દેવું જોઇએ. કોંગ્રેસને સમર્થન આપવું કે નહી તે મુદ્દે હાર્દિક પટેલ નક્કી કરશે, અમે તેની સાથે છીએ.પાટીદાર સમાજનો સાથ છોડી ભાજપમાં જોડાઇ ચૂકેલા રેશ્મા પટેલ અને વરૂણ પટેલ પર પણ સવાણીએ આકરા પ્રહારો કર્યા હતા કે, આ બંને જણાં પોતાની રાજકીય મહત્વકાંક્ષા પૂરી કરવા પાટીદાર સમાજને વેચવા નીકળ્યા છે. પરંતુ જો રેશ્મા પટેલ અને વરૂણ પટેલ ચૂંટણી લડશે તો પાટીદાર સમાજ દ્વારા તેમનો ઠેર-ઠેર વિરોધ કરાશે. વરૂણ પટેલે ભાજપના ઈશારે જે પ્રકારે મહેસાણાના પાટીદાર નેતા નરેન્દ્ર પટેલને પૈસા આપીને ખરીદવાનો પ્રયાસ કર્યો તે ઘટના પછી ભાજપનો ચહેરો ગુજરાતની જનતામાં ખુલ્લો પડી ગયો છે. જો ભાજપ અનામત નથી આપતું તો, રેશ્મા પટેલ અને વરૂણ પટેલ ભાજપમાં શા માટે જોડાયા એવો સવાલ પણ તેમણે ઉઠાવ્યો હતો. પાટીદાર સમાજના વોટ્સ અપ ગ્રુપમાંથી રેશ્મા પટેલને કાઢી નાંખવા બદલ પાટીદાર સમાજના યુવાનને ફોન કરી ખખડાવનાર રેશ્મા પટેલની સવાણીએ ઝાટકણી કાઢી હતી અને સાફ શબ્દોમાં ચીમકી આપી હતી કે, રેશ્મા પટેલ પાટીદાર યુવાનોને ધમકાવવાનું બંધ કરે. દાદાગીરી કરતાં અમને પણ આવડે છે.

# મોદી સરકારે અદાણી ગ્રુપને પાઠવેલ નોટિસ પાછી ખેંચી

અમદાવાદ,

ડિપાર્ટમેન્ટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ) દ્વારા અદાણી ગ્રુપને ફટકારવામાં આવેલ નોટિસ આખરે રદ કરી દેવામાં આવી છે. અદાણી ગ્રુપ પર ઊર્જા ઉપકરણોની આયાત ૩૮૦ ટકા મોંઘી ગણાવવાનો આરોપ હતો. આ મામલે અદાણી એન્ટરપ્રાઈઝની મહારાષ્ટ્ર ઈસ્ટર્ન ગ્રીડ પાવર ટ્રાંસમિશન કંપની લિમીટેડ, ઈલેક્ટ્રોનિક ઈન્ફ્રા, અમદાવાદની પીએમસી પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમીટેડ પર ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની આયાતમાં સામાનની કિંમત ૧૪૯૩.૪ કરોડ રૂપિયા સુધી વધારીને બતાવવાનો આરોપ હતો. ૧૮ ઓક્ટોબરે ડીઆરઆઈના ન્યાયિક અધિકારી કેવી એસ સિંહે આ કંપનીઓને નોટિસ ફટકારી હતી.

### ફાયરના નવજવાનોને એલજીમાં દાખલ કરાયા

# નારોલમાં કેમિકલ ગોડાઉનમાં આગ : નવ જવાનો દાઝી ગયા

### આગ ઉપર કાબૂ મેળવવા ૧૮થી વધુ ફાઈટર-ટેન્કરોની લેવાઈ : કલાકોની જહેમત બાદ અંતે આગ ઉપર નિયંત્રણ

અમદાવાદ,

શહેરના નારોલ વિસ્તારમાં રાણીપુર કોઝી હોટલ પાસે પુરુષોત્તમ એસ્ટેટના એક કેમીકલના ગોડાઉનમાં આજે જબરદસ્ત ભીષણ આગ ફાટી નીકળી હતી. આગનું સ્વરૂપ એટલું પ્રચંડ અને વિકરાળ હતું કે, એક તબક્કે આગ બુઝાવવાની કામગીરી કરી રહેલા ફાયરબ્રિગેડના નવ જવાનો ખુદ દાઝી ગયા હતા, જેના કારણે તેઓને તાત્કાલિક ધોરણે નજીકની એલ.જી.હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. બીજીબાજુ, બહુ મોટી અને ભયંકર આગ હોઈ ૧૮થી વધુ ફાયર ફાઈટર અને ટેન્કરની મદદથી કલાકોની ભારે જહેમત બાદ આગને કાબૂમાં લઈ શકાઈ હતી. આગની આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. એક તબક્કે પોલીસની મદદ લેવાની ફરજ પડી હતી.શહેરના નારોલ વિસ્તારમાં આવેલા પુરૂષોત્તમ એસ્ટેટના એક કેમીકલના ગોડાઉનમાં આજે બપોરે એકાએક ભીષણ આગ ફાટી નીકળી હતી. આગ એટલી ભયંકર અને વિકરાળ હતી કે, આસપાસનો સમગ્ર વિસ્તાર અને કારખાના-ફેકટરીઓ પણ વત્તા ઓછા અંશે તેની ઝપટમાં આવી ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયરબ્રિગેડના જવાનો ૧૮થી વધુ ફાયર ફાઈટર અને ટેન્કરો લઈ સ્થળ પર પહોંચી ગયા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. જો કે, આગની વિકરાળતા અને તીવ્રતા એટલી જોરદાર હતી કે, આગની જવાળાઓમાં ફાયરબ્રિગેડના નવ જવાનો પણ સપડાયા હતા અને તેઓ પણ દાઝી ગયા હતા, જેથી બીજા જવાનોને પણ સ્થળ પર બોલાવાયા હતા અને દાઝી ગયેલા જવાનોને તાત્કાલિક નજીકની એલ.જી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. બીજીબાજુ, આગના આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં નાસભાગ અને અફરાતફરી માહોલ સર્જાયો હતો. કેમીકલના ગોડાઉનની નજીક પાર્ક કરાયેલા બે વાહનો પણ આગની જવાળામાં બળીને ખાખ થઈ ગયા હતા. સ્થાનિક લોકો આગનું વિકરાળ સ્વરૂપ જોઈને ગભરાઈ ગયા હતા. એક તબક્કે અફરાતફરીનો માહોલ શાંત કરવા પોલીસને બોલાવવાની ફરજ પડી હતી. ફાયરબ્રિગેડના જવાનોએ કલાકોની ભારે જહેમત બાદ આ ભીષણ આગને કાબૂમાં લીધી હતી.

# પરિણિતાએ સાતમા માળેથી કુદી આત્મહત્યા કર્યાની શંકા

અમદાવાદ,

શહેરના નારોલ વિસ્તારમાં રેમ્બો હાઈટ્સ એપાર્ટમેન્ટમાં ગુરૂવારે રાત્રે તાર પર સૂકાતા કપડા લેવા જતાં ૨૫ વર્ષીય પરિણિતા સાતમા માળેથી નીચે પટકાતાં તેનું કરૂણ મોત નીપજયું હતું. જો કે, આ સમગ્ર ઘટનામાં પોલીસે એફએસએલની મદદથી કરેલા કન્સ્ટ્રકશન અને પ્રાથમિક તપાસમાં પરિણિતા સાતમા માળેથી અજાણતા નીચે પટકાઈ ન હોઈ શકે પરંતુ તેણીએ આત્મહત્યા કરી હોવાની આશંકા પ્રબળ બની છે. પરિણિતાના મોત મામલે તેના પતિ અને સાસરિયાઓના ભેદી મૌનના કારણે પોલીસે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે પરંતુ જો કેસની સત્ય હકીકત સામે નહી આવે તો પોલીસ મરનારના પતિ અને સાસરિયાઓનું લાઈ ડિટેકશન ટેસ્ટ કરાવે તેવી પણ શકયતા છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના નારોલ વિસ્તારમાં રેમ્બો હાઈટ્સના સાતમા માળે એ-૭૦૪ નંબરના ફલેટમાં રહેતા વિજય શર્મા વીમાકંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. ત્રણ વર્ષ પહેલાં તેમના લગ્ન રૂપાબહેન સાથે થયા હતા. ગઈકાલે રાત્રએ દસ વાગ્યાની આસપાસ રૂપાબહેન બાલ્કનીમાં સૂકવેલા કપડા લેવા ગયા ત્યારે અચાનક તેઓ સાતમા માળેથી નીચે પટકાયા હતા. આટલી ઉંચાઈએથી પડવાથી ગંભીર ઈજાઓ થવાના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજયું હતું. બનાવને પગલે સ્થાનિક લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા. બીજીબાજુ, ઘટનાની જાણ થતાં નારોલ પોલીસ સ્ટાફ સાથે પહોંચી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી. પોલીસના માનવા પ્રમાણે, બાલ્કનીમાં ચાર ફુટથી વધુની દિવાલ છે તો રૂપાબહેન જમીન પર કેવી રીતે નીચે પટકાયા તે પ્રશ્ન તપાસનો વિષય છે અને તે દિશામાં પોલીસે તપાસનો દોર શરૂ કર્યો છે. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં પરિણિતાના મોતને લઈ ભારે અરેરાટીની લાગણી ફેલાઈ હતી, તો બીજીબાજુ, લગ્નના ત્રણ વર્ષના જ સમયગાળામાં આ પ્રકારના બનાવથી સ્થાનિક લોકોમાં અનેક તર્કવિતર્ક અને અટકળોએ ભારે જોર પકડયુ હતું. દરમ્યાન પોલીસે આજે આ સમગ્ર ઘટનામાં એફએસએલની મદદ લઈ રિકન્સ્ટ્રકશન કર્યું હતું. પોલીસ અને એફએસએલના અધિકારીઓએ મરનાર રૂપાબહેનના વજન જેટલુ રેતી ભરેલુ પૂતળુ બનાવ્યુ હતું અને તેને સાતમા માળની બાલ્કનીમાંથી ત્રણ અલગ-અલગ વખત જમીન પર એ રીતે ફેંકવામાં આવ્યું હતું કે, જાણે આકસ્કિમ પડયા હોય, આત્મહત્યા કરવાના ઈરાદે પડતૂ મૂકયુ હોય અને કોઈએ ધક્કો મારીને ફેંકી દીધા હોય એમ એ ત્રણેય રીતે પૂતળાને ફેંકાયુ હતું.













## જુદા જુદા શહેરોમાં એટીએમની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે

# લોકો કેશલેસની દિશામાં : ૩૫૮ ATM આ વર્ષમાં બંધ કરાયા છે

### વર્ષ ૨૦૧૭માં જૂનથી ઓગસ્ટ વચ્ચેના ગાળા દરમિયાન દેશમાં બેંકો તરફથી સેંકડો એટીએમ બંધ કરાયા : ભારતમાં નોટબંધી બાદ હવે વ્યવસ્થા બદલાઈ

ચેન્નાઇ,

ભારતીય લોકો હવે કેશલેસ થઇ રહ્યા છે. બેંકો જે રીતે સતત એટીએમને બંધ રહી રહી છે તે જોતા ભારતીય લોકો હવે કેશલેસ બની રહ્યા હોવાના સંકેત મળી રહ્યા છે. આ વર્ષે જુનથી ઓગષ્ટના ગાળા દરમિયાન દેશમાં હજુ સુધી બેંકોની તરફથી ૩૫૮ એટીએમ બંધ કરવામાં આવી ચુક્યા છે. આ રીતે દેશમાં એટીએમની સંખ્યા પહેલા કરતા ૦.૧૬ ટકા સુધી ઓછી થઇ ચુકી છે. જો કે ભારતમાં આ ફેરફાર ખુબ ઝડપી છે. કારણ કે છેલ્લા ચાર વર્ષમાં એટીએમન સંખ્યામાં ૧૬.૪ ટકાની દ્રષ્ટિએ વધારો થયો છે. અલબત્ત છેલ્લા એક વર્ષના ગાળામાં આ ગ્રોથ ઘટીને ૩.૬ ટકા થઇ ગયો છે. એ પ્રથમ વખત આવ્યુ બન્યુ છે જ્યારે એટીએમની સંખ્યામાં વધારો થવાના બદલે ઘટાડો થયો છે. નોટબંધી બાદ શહેરોમાં એટએમના ઉપયોગમાં ઘટાડો થયો છે. ઓપરેશનલ કોસ્ટમાં વધારો થવાના પરિણામસ્વરૂપે હવે બેંકોને એટીએમની વ્યવસ્થાની સમીક્ષા કરવી પડશે. દેશમાં ભારતીય સ્ટેટ બેંક સૌથી મોટા નેટવર્ક તરીકે ધરાવે છે. જુનમાં એસબીઆઇ ના દેશભરમાં એટીએમની સંખ્યા ૫૯૨૯૧ હતી જે ઓગષ્ટમાં ઘટીને ૫૯૨૦૦ થઇ ગઇ છે. પંજાબ નેશનલ બેંકમાં એટીએમની સંખ્યા ૧૦૫૦૨થી ઘટીને હવે ૧૦૦૮૩ થઇ ગઇ છે. ખાનગી ક્ષેત્રની મોટી કંપની એચડીએફસીના એટીએમની સંખ્યા ૧૨૨૩૦થી ઘટીને હવે ૧૨૨૨૫ થઇ ગઇ છે. બેંકોનુ કહેવુ છે કે એમટીએમના માસિક ભાડા ખુબ વધારે છે. ખાસ કરીને એરપોર્ટ અને અને પ્રાઇમ લોકેશન પર ભાડુ વધારે છે. ચેન્નાઇ અને બેંગલોર જેવા શહેરોમાં પણ એમટીએમ સાઇટ પર બાડુ આઠ હજારથી લઇને ૧૫ હજારની આસપાસ છે. આવી સ્થિતીમાં એટીએમને ઓપરેશનલ રાખવા માટેની બાબત બેંકો માટે ખર્ચાળ સાબિત થઇ રહી છે. બેંકો દ્વારા હવે ઉભી થયેલી સ્થિતીની સમીક્ષા કરી રહી છે. બેંકોનું કહેવું છે કે, એટીએમ સાઇટને લઇને ભાડા ખુબ વધારે રહે છે. ઇલેક્ટ્રીસિટી પણ મોટા ખર્ચ તરીકે છે. એટીએમથી કિઓસ્કને ૧૫-૧૮ ડિગ્રી વચ્ચે રાખવામાં આવે છે. દિવસ દરમિયાન એસી ચાલુ રાખવાની ફરજ પડે છે. એસબીઆઇના અધિકારીઓના કહેવા મુજબ બેંકોએ એસોસિએટ્સ બેંકો સાથે મર્જર કરી દેવામાં આવ્યા બાદ કેટલાક એટીએમ બંધ કરી દીધા છે. ખર્ચમાં કાપ મુકવાના હેતુસર આ એટીએમ બંધ કરવામાં આવ્યા છે. જ્યાં અન્ય એટીએમ છે ત્યાં એસબીઆઇ એસોસિએટ્સ બેંકોના એટીએમ બંધ કરી દેવામાં આવ્યા છે. કસ્ટમરોને કોઇપણ પ્રકારની તકલીફ ન પડે તે બાબતનું ધ્યાન રાખવામાં આવ્યું છે. બીજી બાજુ એટીએમ નેટવર્કને વધુ તર્કસંગત બનાવનાર એચડીએફસી બેંકે હવે વધુ સરળ સ્થળો ઉપર તેના એટીએમ ખસેડવાનો નિર્ણય કર્યો છે. શહેર સ્થિત એટીએમમાં લોકોની ભીડ વધારે રહે છે. દરેક ૧૦ એટીએમ પૈકી આઠ એટીએમ શહેરમાં સ્થિત હોય છે. જ્યાં ડિજિટલ પેમેન્ટમાં વધારો થઇ ચુક્યો છે. નોટબંધી બાદ કેશલેસની દિશામાં દેશના લોકો આગળ વધી રહ્યા છે ત્યારે આગામી દિવસોમાં એટીએમને લઇને પણ અસ્તિત્વને લઇને પ્રશ્નો થઇ રહ્યા છે.

## ગ્રામિણ વિસ્તારમાં લોકોને રોકડની જરૂર વધારે રહે છે

ચેન્નાઇ,

બેંકો દ્વારા એટીએમ જુદા જુદા કારણોસર બંધ કરવામાં આવી રહ્યા છે. દેશના લોકો મોટા શહેરોમાં ડિજિટલની દિશામાં આગળ વધી રહ્યા છે. જૂન અને ઓગસ્ટ મહિનાના ગાળામાં ૩૫૮ એટીએમ બંધ કરવામાં આવી ચુક્યા છે. જાણકાર નિષ્ણાતો કહે છે કે, એટીએમ ઓપરેટર્સ પણ કબૂલાત કરી ચુક્યા છે કે, ગ્રામિણ વિસ્તારોમાં વધારે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. ગ્રામિણ વસ્તી મોટાભાગે રોકડ ઉપર વધારે આધારિત રહે છે પરંતુ મોટાભાગે એટીએમ શહેરી વિસ્તારોમાં જ સ્થાપિત કરવામાં આવ્યા છે. ગ્રામિણ વિસ્તારોમાં બે લાખ એટીએમ પૈકી માત્ર ૧૫ ટકા જેટલા જ એટીએમ છે.

## ગુજરાતમાં યોગી ભાજપના ટ્રમ્પ કાર્ડ બનશે

# ગુજરાત : યોગી એક સપ્તાહ સુધી ઝંઝાવતી પ્રચાર કરશે

### ઉત્તરપ્રદેશ તેમજ બિહારના લોકો જ્યાં વધારે રહે છે તે ગુજરાતના જિલ્લાની જવાબદારી યોગી સંભાળવા તૈયાર

લખનૌ,

ભાજપના સૌથી મોટા સ્ટાર પ્રચારક અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન રાજ્ય ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન પૂર્વાંચલની જવાબદારી ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ સંભાળી લેવા માટે તૈયાર થયા છે. યોગી ગુજરાતના એવા જિલ્લામાં ઝંઝાવતી પ્રચાર કરનાર છે જ્યાં ઉત્તરપ્રદેશ અને બિહારના લોકો વધારે રહે છે. ત્યાં યોગીના કાર્યક્રમને આખરી ઓપ આપી દેવામાં આવ્યા છે. યોગી જુદી જુદી તારીખોના દિવસે ગુજરાતમાં એક સપ્તાહથી વધુનો સમય ગાળશે. ઉત્તરપ્રદેશની બહાર યોગી સૌથી મોટા પ્રચાર અભિયાનમાં સામેલ થવા જઇ રહ્યા છે. આ અગાઉ પણ યોગી ગુજરાતમાં કાઢવામાં આવેલી પાર્ટીની ગૌરવ યાત્રામાં ૧૩ અને ૧૪ ઓક્ટોબરના દિવસે સામેલ થયા હતા. હિમાચલ પ્રદેશ અને ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યા બાદ ભાજપ અને કોંગ્રેસ પાર્ટીના લોકો આક્રમક પ્રચાર કરવા માટે તૈયારી કરી રહ્યા છે. પહાડી પ્રદેશની જમીન અને લોકપ્રિયતાના પરિણામસ્વરૂપે હિમાચલપ્રદેશમાં પણ યોગી આશરે ત્રણ ચાર દિવસ સુધી જોરદાર પ્રચાર કરનાર છે. પ્રથમ તબક્કામાં યોગી ૨૯મી ઓક્ટોબરના દિવસે એટલે કે આવતીકાલે હિમાચલપ્રદેશ પહોંચી રહ્યા છે. જ્યાં તેઓ બે દિવસ સુધી જુદા જુદા કાર્યક્રમમાં ભાગ લેનાર છે. અલબત્ત ઉત્તરપ્રદેશમાં નિગતમ ચૂંટણીને લઇને અહીં બાદ યોગી સૌથી વધારે સમય ગુજરાતમાં જ રહેનાર છે. ગુજરાતમાં કાઢવામાં આવેલી પાર્ટીની ગૌરવ યાત્રામાં પણ યોગીએ ૧૩-૧૪મી ઓક્ટોબરના દિવસે પાર્ટીનુ નેતૃત્વ કર્યુ હતુ. સુત્રોના બાબત પર વિશ્વાસ કરવામાં આવે તો ગુજરાતમાં ચૂંટણી પ્રચારની જે રૂપરેખા તૈયાર થઇ છે તે મુજબ ગુજરાતમાંબહારના નેતાઓ પૈકી સૌથી વધારે ઉપયોગી યોગી આદિત્યનાથનો કરવામાં આવનાર છે. ગૌરવ યાત્રા દરમિયાન પણ યોગી નવસારી, વલસાડ અને સુરત જેવી જગ્યાએ સભા કરી ચુક્યા છે. જે દક્ષિણ ગુજરાતના હિસ્સા તરીકે છે. ભાજપના ગુજરાત એકમના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે દક્ષિણ ગુજરાતમાં ઉત્તરપ્રદેશ અને બિહારના ૧૫ લાખ લોકો રહે છે. જેથી યોગીના કાર્યક્રમ મોટા ભાગે એવા જિલ્લામાં રાખવામાં આવ્યા છે જ્યાં ઉત્તર ભારતીય લોકો વધુ પ્રમાણમાં છે. ચૂંટણીમાં સંગઠનની દ્રષ્ટિએ પણ ભાજપ ઉત્તરપ્રદેશના મહામંત્રી અને પ્રદેશ સરકારમાં સ્વતંત્ર પ્રભાર સ્વતંત્રદેવ સિંહને ભુજની આસપાસના ક્ષેત્રોમાં ચૂંટણી પ્રચાર વ્યવસ્થા માટે મુકી દેવામાં આવ્યા છે. બીજી બાજુ રાષ્ટ્રીય મંત્રી અને ઉત્તરપ્રદેશ સરકારમાં સ્વતંત્ર હવાલો ધરાવતા પ્રધાન મહેમન્દ્રસિંહને પણ અમદાવાદની આસપાસના ક્ષેત્રોમાં ચૂંટણી પ્રચારની વ્યવસ્થામાં મુકી દેવામાં આવ્યા છે. જે ગુજરાત મોડલના કારણે મોદીની પ્રતિષ્ઠા મજબુત બની હતી અને તેઓ દેશના વડાપ્રધાન પદ સુધી પહોંચી ગયા છે તેના પર જ કોંગ્રેસે હાલમાં પ્રહારો કર્યા છે. ગુજરાત મોડલને લઇને ચારેબાજુ ટિકા થઇ રહી છે. હાર્દિક પટેલ, જિગ્નેશ મેવાણી અને અલ્પેશ ઠાકુરના કારણે જાતિય વિભાજનની શક્યતા મજબુત બની છે. આના કારણે વિકાસની સાથે સાથે રાષ્ટ્રવાદ અને હિન્દુત્વની પરંપરાના એજન્ડાને પણ ભાજપ આગળ વધારીને જીત મેળવી લેવાની યોજનવા ધરાવે છે. યોગી આમાં બિલકુલ ફિટ બેસે છે. વ્યક્તિગત રીતે કેરળ, હિમાચલ પ્રદેશ અને હવે ગુજરાતમાં પાર્ટીના ચહેરા તરીકે તેમને રજૂ કરવાની બાબત પણ તેમના વ્યક્તિગત માટે ખુબ ઉપયોગી છે. ખાસ કરીને વડાપ્રધાનના વતન રાજ્યમાં ચૂંટણી ટ્રમ્પ તરીકે તેમનો ઉપયોગ કરવામાં આવનાર છે જે તેમના માટે મોટી બાબત છે. ગુજરાતમાં ભાજપે તમામ તાકાત લગાવી છે.

## રાહુલ દક્ષિણ ગુજરાતમાં ચૂંટણી યાત્રા કરવા તૈયાર

અમદાવાદ,

સૌરાષ્ટ્ર ઝોન અને મધ્ય ગુજરાતના ચૂંટણી પ્રવાસ બાદ હવે દક્ષિણ ગુજરાતના ચૂંટણી પ્રવાસ માટે રાહુલ ગાંધી તા.૧લી નવેમ્બરે ફરી ગુજરાતની મુલાકાતે આવવાના છે. રાહુલ ગાંધી તા.૧થી ૩ નવેમ્બર દરમ્યાન દક્ષિણ ગુજરાતના તેમના ત્રીજા તબક્કાના ચૂંટણી પ્રવાસમાં ૪૫૦ કિલોમીટરથી વધુનો પ્રવાસ ખેડે તેવી શકયતા છે. દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓ અને મહાનગરોની તેઓ મુલાકાત લેશે. સુરતના પાટીદારોના ગઢ ગણાતા એવા પૂર્વ વિસ્તારમાં રાહુલ ગાંધી વિશાળ જાહેરસભા સંબોધશે. આ સિવાય રોડ-શો, લોકસંવાદ અને રૂબરૂ માલાકાત દ્વારા તેઓ પ્રજાની વચ્ચે રહી કોંગ્રેસ તરફી લોકજુવાળ ઉભો કરશે. રાહુલ ગાંધીનો ગુજરાત પ્રવાસ પૂરો થશે ત્યારબાદ તા.૭મી નવેમ્બરે કોંગ્રેસના દિગ્ગજ રાષ્ટ્રીય નેતા અને દેશના પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહનસિંહ ગુજરાતની મુલાકાતે આવે તેવી શકયતા છે. ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં રાહુલ ગાંધીએ આ વખતે પોતાના ચૂંટણી પ્રવાસ દરમ્યાન હિન્દુત્વનું કાર્ડ ખેલી દેવદર્શન અને મંદિરોમાં ભજન, ગાયોને ચારો ખવડાવી જનસમુદાયનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તો, ભાજપે પણ રાહુલ ગાંધીના હિન્દુત્વના મુદ્દા પર ટીકાત્મક નિવેદનો કર્યા છે. જો કે, રાહુલ ગાંધી દક્ષિણ અને ઉત્તર ગુજરાતના ચૂંટણી પ્રવાસ દરમ્યાન પણ મહત્તમ દેવ દર્શન અને ગરીબ અને પછાત મહિલાઓ અને યુવાનો સાથે લોકસંવાદ યોજી જાહેરસભાઓ, રોડ-શો અને પ્રશ્નોત્તરી કાર્યક્રમો યોજી પોતાનું ચૂંટણી પ્રચાર અભિયાન ચાલુ રાખવા મક્કમ છે.

**જન ફરિયાદ**

તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ

**ગાંધીનગર મુખ્ય કાર્યાલય**

બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ, સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073

ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.

**એડીટોરીયલ ચીફ :**
**બકુલ એ. રાવલ**

**અમદાવાદ મુખ્ય કાર્યાલય**

૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦

સહતંત્રી : **નિલેશભાઈ રાવલ**

૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યુ.

'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી